# <u>શિક્ષકો અને કર્મયોગી તાલીમ</u>

શિક્ષકો માટેની કર્મયોગી તાલીમ ગયા અઠવાડિયે જ પૂરી થઇ. બે પ્રકારના શિક્ષકો જોવા મળ્યા. પ્રથમ તો જેની સંખ્યા બહુ ઝાઝી નહોતી તેવા કે જેમના ચહેરા પર તાલીમ દરમિયાન કશુંક પ્રાપ્ત થયાનો સંતોષ જોવા મળતો હતો, જેમને કારણે જ આપણું શિક્ષણ જગત ટકી રહ્યું છે અને ટકી રહેશે. તેઓ તાલીમ દરમિયાન જે ઉત્સાહ બતાવતા હતા તે માટે તેમને સલામ. બી જા એવા મોટી સંખ્યા ધરાવતા શિક્ષકો કે જેમને તાલીમ દરમિયાન કશુંક પ્રાપ્ત થયું હોય તેમ લાગતું નહોતુ. કારણ કે તેમને તાલીમ લેવી ગમતી જ નથી. આ શિક્ષકોના મતે કેટલાંક વર્ષોના અનુભવ પછી તાલીમ લેવાની શી જરૂર છે? અમે ઘણું જ જાણીએ છીએ. આવા શિક્ષકોને આ લેખ અર્પણ ........

મિત્રો, તમે નોકરીમાં જોડાયા તે પૂર્વે શિક્ષક બનવા માટે જરૂરથી તાલીમ લીધી હશે, છતાં એકવાર લીધેલી તાલીમ જે તે સમયે સારી છે, પરંતુ દરેક સમય માટે પૂરતી નથી. નીત જ્ઞાનનું નવનિર્માણ થતું જાય છે, તેવા સંજોગોમાં ભૂતકાળમાં તમે લીધેલ તાલીમ આજના પરિવર્તન પામતા સમયમાં કેટલી પૂર્ણતા બક્ષે છે તે વિચારવું જોઇએ. એકવાર મેળવેલ તાલીમ કે જ્ઞાનથી સંતોષ માનવાને લીધે વિકાસ રૂંધાઇ જશે. રૂંધાયેલા વિકાસ સાથે તમે બાળકોનો વિકાસ કેવી રીતે કરી શકવાના છો? માટે જ માનવું પડશે જ કે પ્રિ સર્વિસ ટ્રેનિંગ એ શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેનો અંત નથી, પણ શરૂઆત છે. તાલીમ દરમિયાન સહભાગીઓ વચ્ચે થતી આંતર ક્રિયાએ અધ્યયનનો સ્રોત છે.

યુનિવર્સિટી એજ્યુ. કમિશન(૧૯૪૯) અને રાષ્ટ્રીય શિક્ષણ કમિશન(૧૯૬૪) માં ખાસ ભલામણ કરેલી કે હાઇસ્કૂલ અને કોલેજના શિક્ષકો માટે વેકેશનમાં રિફ્રેશર કોર્ષ દર ચાર-પાંચ વર્ષના ગાળે ગોઠવવા જોઇએ. રાષ્ટ્રીય શિક્ષણ કમિશને એક ડગલું આગળ વધીને સૂચવ્યું હતું કે પ્રમોશન કે પગારના લાભ સાથે આ તાલીમને જોડવી જોઇએ. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર સેકન્ડરી સ્કૂલ એજ્યુ.(૧૯૫૫)માં જણાવેલ કે સેવાકાલીન શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે સારા આયોજનપૂર્વકના તાલીમી કાર્યક્રમો ગોઠવવા જોઇએ.

**<u>આજીવન અધ્યયન એ દરેક શિક્ષકનો Motto હોવો જોઇએ. રોજિંદા જીવનમાં Change તો શિક્ષણમાં કેમ નહીં.</u>** પ્રિ સર્વિસ તાલીમ દરમિયાન નથી આપવામાં આવેલ જ્ઞાન, કૌશલ્ય અને ક્ષમતા પૂરી પાડવા માટે તાલીમ કાર્યક્રમ હોય છે. જેના દ્વારા ભવિષ્યના પડકારોને પહોંચી શકાશે. પરિણામ સ્વરૂપ વ્યવસાય પ્રત્યેનો અભિગમ હકારાત્મક બનીને સતત સંવર્ધન પામશે. માટે જ સેવાકાલિન તાલીમ સર્વ વ્યવસાય માટે જરૂરી જ નહીં, પરંતુ અત્યંત આવશ્યક બાબત બની રહી છે. જેમાંથી શિક્ષણ પણ બાકાત ન જ હોઇ શકે. તમે પણ તાલીમ લો છો, ત્યારે મનમાં પ્રશ્ન થાય કે જો તાલીમને મરજિયાત બનાવવામાં આવે તો કેટલા શિક્ષકો તાલીમ લેવા માટે જાય? જો આ સંખ્યા ઝાઝી ન હોય તો શિક્ષણવિદ્દો, સરકાર અને સમાજે ઝાઝું વિચારવું પડશે.

શિક્ષણ સાથે નાતો બાંધ્યો હોવાના કારણે શિક્ષકોને મળવાનું થાય ત્યારે કેટલાક પ્રશ્નો પૂછાઇ જાય છે. જેમકે, તમે મેળવેલ તાલીમથી શાળા કે વિદ્યાર્થીને લાભ થયો? તમે જે તાલીમ લઇને આવ્યા તેના વિષયવસ્તુ બાબતે અન્ય શિક્ષક મિત્રો સાથે ચર્ચા કરીને તેને વધારે સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કરો છો? તો અપાતા જવાબોથી મોટાભાગે અસંતોષ પ્રાપ્ત થયો છે. ત્યારે મનમાં અનેક પ્રશ્નો જાગી જાય છે કે, વ્યક્તિ(શિક્ષક)ના વિકાસની જવાબદારી કોની?સરકારની કે સમાજની કે તેની પોતાની? ખરેખર તો દરેક

વ્યક્તિએ સ્વવિકાસ માટે સ્વપ્રયત્ન કરવો જ રહ્યો. આ તો આપણી લોકશાહી સરકાર સારી છે કે આ બધી સગવડ ઊભી કરી આપે છે એટલું જ નહીં, સાથે સંપૂર્ણ ખર્ચ પણ આપે છે. બાકી તો કામ/સેવા/નોકરી અંગેની આવડત હોય તો જવાબદારી ઊઠાવો નહીં તો રહેવા દો. આમ પણ "ગોર મહારાજ પરણાવી આપે, ઘર ચલાવી ના આપે." તે મુજબ સરકાર નોકરી આપે, પરંતુ તે માટેની આવડત તો તમારે જાતે જ સતત વિકસાવવી પડે જ. આ સમયે બીજા પ્રશ્નો પણ મનમાંથી બહાર દોડી આવે છે કે, સ્વવિકાસ માટે/ ફરજને સંપૂર્ણ ન્યાય બક્ષવા માટે આપણે કેટલા અને શું પ્રયત્નો કર્યા? માટે તો સરકાર દ્વારા ગોઠવાતા કાર્યક્રમોનો વધુમાં વધુ લાભલેવા સ્વાર્થી બનીને દોડી જવું જોઇએ. નોકરીના વર્ષોમાં સતત વૃદ્ધિ થતી રહે છે, પણ વિકાસ કેટલો? માટે જ નોંધ લેવડાવવાનું મન થાય કે, તાલીમ બાબતમાં સરકાર કે સમાજ જાલીમ બને તે પહેલાં આપણે સૌ એ ચેતવાની જરૂર છે. આ તાલીમને જાલીમ બનાવવી કે શાલીન બનાવવી તે આપણા હાથમાં છે. તેનો ભરપૂર લાભ લઇને સ્વવિકાસ સાધીને બાળકોનો વિકાસ સાધીએ એજ આપણા સૌની નિષ્ઠાપૂર્વકની જવાબદારી હોવી જોઇએ.

આ વખતની તાલીમમાં સરકારનો પ્રયત્ન શિક્ષકોને નવાવિષય વસ્તુથી સમૃદ્ધ કરવા અંગેનો રહ્યો. ત્યારે મનમાં એક પ્રશ્ન સરવળે છે કે, ચાલુ નોકરીએ વિષયવસ્તુનું જ્ઞાન આપવું તે જવાબદારી સરકારની છે? તો જવાબ "ના" જ મળશે. ખરેખર તો શિક્ષકે સ્વખર્ચે અને સ્વપ્રયત્ને વિષયવસ્તુનું જ્ઞાન મેળવી લેવું જોઇએ. પણ સરકાર કદાચ જાણતી હશે કે અમારા બધા જ શિક્ષકો આ નહીં જ કરે. માટે તાલીમમાં વિષયવસ્તુ શીખવીએ. જો આ સત્ય હોય તો તે શિક્ષકો માટે સારી નિશાની નથી. ખરેખર તો તાલીમ દરમિયાન શિક્ષણક્ષેત્રે આવેલા નવીનીકરણો, સમાજ/સરકારની ભાવી અપેક્ષાઓ/ ગ્રામ્ય અને શહેર વચ્ચે શૈક્ષણિક રીતે રહેલાભેદને ભૂંસવો/ બદલાતા સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહો વગેરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. તો આ તાલીમમાં વિષયવસ્તુને કેમ પ્રાધાન્ય આપવામાં આવ્યું? તેનો જવાબ આપણને હરખ નથી જ ઉપજાવતો. તો મિત્રો, શિક્ષણને સેવા સમજી, સેવા કરતાં કરતાં સ્વવિકાસ કરવાની જવાબદારી ઉપાડીએ અને સમાજ/દેશના નવકલ્યાણ માટે ભાવિપેઢીને તૈયાર કરીએ એ જ મનોકામના સાથે....છેલ્લે ત્રણ પ્રશ્નો...... તમે દરરોજ કેટલા સમાચારપત્રો વાંચો છો? દર મહિને કેટલા શૈક્ષણિક લેખો વાંચો છો? દર વર્ષે કેટલા શૈક્ષણિક સેમિનારમાં ભાગ લો છો?